# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16/08/2026** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **ગાંધીનગરમાં લોકભવન ખાતે રાજ્યપાલની અધ્યક્ષતામાં એટ હોમ કાર્યક્રમ યોજાયો.**
2. **દેશભક્તિ સાથે રાજ્યભરમાં 80માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી.**
3. **રાજ્યમાં 103 તાલુકાઓમાં મધ્યમ વરસાદ વરસ્યો.**
4. **અમદાવાદમાંથી એસઓજીની ટીમે 23 લાખનો માદક પદાર્થ ઝડપ્યો.**
5. **ગાલે ખાતે શરૂ થયેલી શ્રીલંકા સામેની પહેલી ટેસ્ટમાં પેિડ્કલની સદી સાથે ભારતની સ્થિતી મજબૂત.**
6. **ફિબા અંડર 18 એશિયા કપમાં આજે ભારત દક્ષિણ કોરિયા વચ્ચે મુકાબલો થશે.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# RAJYPAL AT HOME

**80**મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ગાંધીગર ખાતે લોકભવન ખાતે ગઇકાલે સાંજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં એટ હોમ કાર્યક્રમ યોજાયો હતો. દેશના વીર શહીદો અને ક્રાંતિવીરોના ત્યાગને રાજ્યપાલે વંદન કર્યા હતાં. એટ હોમ કાર્યક્રમના સંબોધનમાં રાજ્યપાલે ભારત દુનિયાની ચોથી મોટી આર્થિક મહાસત્તા બન્યું, સેમિકન્ડક્ટર, બુલેટ ટ્રેન અને વંદે ભારત જેવી તકનીકી ક્રાંતિ વિકસિત ભારત **2047**નો સંકલ્પ સાકાર કરવા તરફનું મહત્વનું પગલું ગણાવ્યું હતું.

ગુજરાતમાં લાખો ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી અને  રાસાયણિક મુક્ત ખોરાક અને સ્વસ્થ જીવન માટે પ્રાકૃતિક કૃષિ જ એકમાત્ર ઉપાય હોવા પર તેમણે ભાર મૂક્યો હતો.રાજ્યપાલ અને અન્ય મહાનુભાવોએ પ્રાકૃતિક કૃષિના સ્ટોલ્સનું નિદર્શન કર્યું.

# INDEPENDENT DAY – DISTRICT

રાજયભરમાં ગઇકાલે 80મા સ્વાતંત્ર્ય દિવસની રાષ્ટ્રભક્તિ સાથે ઉજવણી કરાઇ. રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમરેલીમાં ધ્વજવંદન કરી પરેડની સલામી જીલી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ પરિસરમાં તિરંગો ફરકાવ્યો હતો.

અરવલ્લીના ધનસુરામાં કેબિનેટ મંત્રી રમણ સોલંકીએ ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે તેમણે વિકસિત ભારતના દ્રષ્ટિકોણને સાકાર કરવામાં પોતાનું યોગદાન આપવા નાગરિકોને અપીલ કરી.

**(BYTE: RAMAN SOLANKI, CABINET MINISTER)**

મહેસાણામાં પણ સ્વતંત્રતા દિવસની ઉજવણી ઉલ્લાસ સાથે કરવામાં આવી. વધુ વિગતો અમારા પ્રતિનિધિ પાસેથી..

**(VC – JAYANTI CHAUDHARY)**

સુરેન્દ્રનગરના ચોટીલામાં પ્રભારી મંત્રી દર્શના વાઘેલાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી.સાંભળીએ એક અહેવાલ

**(VC – DINESH PARMAR)**

આરોગ્ય મંત્રી પ્રકુલ્લ પંશેરિયાએ ભરુચમાં ધ્વજવંદન કર્યું હતું.

આણંદના ઉમરેઠ ખાતે પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડાએ રાષ્ટ્રધ્વજ લહેરાવી પરેડ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે ઉમરેઠ તાલુકાને વિકાસ કામો માટે ૨૫ લાખનો ચેક એનાયત કરાયો હતો.

# VAV THARAD VIKAS KARYO

વાવ-થરાદ જિલ્લાના નવરચિત રાહ તાલુકા ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દરમિયાન ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે રાહ તાલુકાના વિકાસને વધુ વેગ આપતા વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાહ ગામના. 209 લાખના 12 જનકલ્યાણકારી વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાહ ખાતે નિર્માણ થનાર નવા તાલુકા સેવા સદનના ભવનનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. રાહ પ્રાથમિક શાળામાં 138 લાખના ખર્ચે 6 નવા ઓરડા તથા 15 ઓરડાના સમારકામનું કામ અને. 28 લાખ રૂપિયાના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્ર રાહ-2ના કામનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય કાર્યોનું પણ લોકાર્પણ કરાયું હતું.

# PM FREE COACHING - FEEDBACK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 80મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પ્રસંગે લાલ કિલ્લાની પ્રાચીરથી રાષ્ટ્રને સંબોધન કરતાં નિશુલ્ક ઓનલાઈન કોચિંગ સહિત યુવાનો માટે ઘણી યોજનોની જાહેરાત કરી હતી. આ જાહેરાતને રાજયના વિધાર્થીઓ અને વાલીઓ તરફથી આવકાર મળી રહ્યો છે.

જામનગરની શૈક્ષણિક સંસ્થાના પ્રતિનિધિએ વધુ ધ્રુવે પ્રતિક્રિયા આપી.

**(BYTE – NILESH DHRUV)**

વડોદરાના એક યુવકે પણ પ્રધાનમંત્રીની  જાહેરાતને આવકારી.

**(BYTE - YOUNG MAN)**

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

ડેસ્ક

# STATE RAIN

આજે સવારે છ વાગ્યે પૂરા થતાં 24 કલાકમાં રાજ્યમાં 103 તાલુકાઓમાં મધ્યમ વરસાદ વરસ્યો છે.. જેમાં ખેડા અને માતર તાલુકાઓમાં એક એક ઇંચ જેટલો મધ્યમ વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતના તાપી, નવસારી, ડાંગ, વલસાડ અને દમણમાં ભારે વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં સિઝનનો સરેરાશ વરસાદ 74 ટકા જેટલો વરસાદ વરસ્યો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સો ટકા કરતાં વધુ જ્યારે કચ્છમાં સૌથી ઓછો 29 ટકા વરસાદ પડ્યો છે. છલકાઇ જવાને કારણે 41 ડેમ હાઇએલર્ટ પર છે જ્યારે સરદાર સરોવર નર્મદા બંધમાં 87 અને રાજ્યના અન્ય 206 ડેમમાં 65 ટકા કરતાં વધુ જળસંગ્રહ થયો છે.

# MAHISAGAR FOOD POSING

મહિસાગર જિલ્લાના લુણાવાડા ખાતે ગિલેન-બારે સિન્ડ્રોમ જેવા લક્ષણો ધરાવતા 5 જેટલા વિદ્યાર્થીઓના કેસ સામે આવ્યા બાદ જિલ્લા આરોગ્ય તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડ પર આવી ગયું છે. સાવચેતી અને આગોતરા પગલાં રૂપે આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓનું સઘન હેલ્થ સ્ક્રીનિંગ શરૂ કરવામાં આવ્યું છે. આ તપાસ અભિયાન અંતર્ગત લુણાવાડા અર્બન આરોગ્ય ટીમે લુણાવાડા સ્થિત બે છાત્રાલયોની મુલાકાત લીધી હતી.

ચાર કોશીયા નાકા પાસે આવેલ બક્ષીપંચ કુમાર છાત્રાલય ખાતે ઉપસ્થિત 7 બાળકોનું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાંથી 6 બાળકોમાં ઝાડા-ઊલટીના લક્ષણો જોવા મળ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ આરોગ્ય ટીમે તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે આ તમામ 6 બાળકોને લુણાવાડા જનરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યા હતા. હાલ તમામ બાળકોની સ્થિતિ સ્થિર છે અને હોસ્પિટલમાં તેમની યોગ્ય દેખરેખ રાખવામાં આવી રહી છે.

# AHMEDABAD DRUGS

અમદાવાદના કૃષ્ણનગરમાં એક મકાનમાંથી એસઓજીની ટીમે સાડા 23 લાખની કિમતના માદક પદાર્થ સાથે એક યુવકને ઝડપી પાડ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી હાઇબ્રીડ ગાંજો ઘરમાં છૂટક વેચાણ માટે રાખતો હતો. આ સાથે પોલીસે ગાંજા સિવાયના અન્ય સાધનો મળીને 45.25 લાખનો મુદ્દામાલ કબજે કરી ફરાર સપ્લાયરની શોધખોળ હાથ ધરી છે.

# CRICKET

ક્રિકેટમાં, ભારત આજે શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે બે વિકેટે 288 રનથી પોતાનો પહેલો દાવ આજે ફરી શરૂ કરશે. ગઈકાલે રમતના અંતે દેવદત્ત પડિકલ 131 અને ઋષભ પંત 27 રન પર અણનમ રહ્યા હતા. જ્યારે કેએલ રાહુલ 77 રન પર રિટાયર્ડ હર્ટ થયા હતા. વરસાદના કારણે ગઈકાલની રમત 73 ઓવર સુધી મર્યાદિત કરવામાં આવી હતી.

# FIBA U18

**FIBA U18** એશિયા કપમાં આજે ભારત દક્ષિણ કોરિયા વચ્ચે મુકાબલો થશે. દરમિયાન શનિવારે વીર સાવરકર ઇન્ડોર સ્ટેડિયમ ખાતે રમાયેલી સ્પર્ધાઓમાં લેબનોનને **72-64**થી હરાવીને સીરિયાએ આખરે જીત મેળવી હતી. જ્યારે ફિલિપાઇન્સને **107-69**થી હરાવીને ઓસ્ટ્રેલિયાએ પોતાની બીજી જીત નોંધાવી. ચાઇનીઝ તાઇપેઇએ થાઇલેન્ડ પર **110-62** થી જીત મેળવી હતી ન્યુ ઝીલેન્ડે બહેરીનને **42-86** થી હરાવ્યું હતું.

# DANGS MOONSOON FESTIVAL MERATHON

ડાંગના સાપુતારામાં ગુજરાત ટુરિઝમ દ્વારા 'મોનસૂન ફેસ્ટિવલ' અંતર્ગત મિની મેરેથોન યોજાઇ હતી. સાપુતારા ખાતે મોનસૂન ફેસ્ટિવલ દરમિયાન પાંચ કિલોમીટરની મિની મેરેથોન યોજાઇ હતી.

આ દોડમાં બહારના પ્રવાસીઓ તેમજ સ્થાનિક શાળાઓના વિદ્યાર્થીઓ અને રમતવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો. આંતરરાષ્ટ્રીય દોડવીર મુરલી ગાવીતની ઉપસ્થિતીમાં યોજાયેલી આ મેરાથોનમાં પ્રથમ વિજેતાને 10 હજાર, દ્વિતીય વિજેતાને 8 હજાર અને તૃતીય વિજેતાને 5 હજારનું ઇનામ આપવામાં આવ્યું.

# SOMNATH SHRUNGAR

સોમનાથ મહાદેવને સ્વાતંત્ર્ય દિન નિમિત્તે 251 કિલો વિવિધ પુષ્પોનો ભવ્ય 'ત્રિરંગા શૃંગાર' અને અન્નકૂટ મહાભોગ અર્પણ કરવામાં આવ્યો હતો. આ વિશેષ શ્રૃગાર સાથે સ્વાતંત્ર્ય દિનના રાષ્ટ્રીય પર્વે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર ખાતે દેશભક્તિ અને શિવભક્તિનો અદભુત સમન્વય જોવા મળ્યો હતો. દેશની સુખાકારીની મંગલ કામના સાથે સોમનાથ મહાદેવને રાષ્ટ્રધ્વજની થીમ પર વિશેષ પુષ્પ શૃંગાર કરવામાં આવ્યો હતો.

ત્રિરંગા શૃંગારમાં મંદિરના પૂજારીગણ દ્વારા મહાદેવને કેસરી ગલગોટા, સફેદ સેવંતી, લીલા આસોપાલવ અને બિલ્વપત્ર વડે ત્રિરંગાના સુંદર સ્વરૂપમાં સજાવવામાં આવ્યા હતા. આ વિશેષ દિવસે પુષ્પ શૃંગારની સાથોસાથ સોમનાથ દાદાને વિશેષ 'અન્નકૂટ મહાભોગ' પણ અર્પણ કરવામાં આવ્યો હતો. દેવાધિદેવ મહાદેવના આ અદભુત ત્રિરંગા શૃંગાર અને અન્નકૂટના દર્શન માટે હજારો શિવભક્તો ઉમટ્યાં હતાં.

# GOVERNOR – VISHVMELO SPECIAL ISSUE

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગરમાં લોકભવન ખાતેથી આઝાદીના પર્વ નિમિત્તે વિશ્વ ગુજરાતી સમાજની પત્રિકા વિશ્વમેળોના વિશેષાંકનું વિમોચન કર્યું.

આ પ્રસંગે સંબોધન કરતાં રાજ્યપાલે યુવા પેઢીને ભોગવાદી સંસ્કૃતિ, વ્યસનો અને અસાત્ત્વિક આહારના દૂષણથી બચાવી સંસ્કારવાન બનાવવી એ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત હોવાનું જણાવ્યુ.

# JAMNAGAR LION

જામનગરના હડમતીયા ગામે સિંહ દેખાયો હોવાની શંકા છે. જિલ્લાના હડમતીયા ગામની વાડી વિસ્તારમાં સિંહ દેખાતા ગ્રામજનોમાં દહેશત ફેલાઇ ગઇ છે.. સીમ વિસ્તારમાં સિંહના આંટાફેરાથી ખેડૂતોમાં પણ ભયનો માહોલ ફેલાયો છે.. સિંહ ફરતો હોવાનો વીડિયો વાઇરલ થયા બાદ ગ્રામજનોએ વન વિભાગને રજૂઆત કરતાં ટીમ સ્થળ પર પહોંચીને સિંહના સગડ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યા છે.